UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 email: jospausa@yahoo.com

(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
EDITOR: JOSEPH PARMAR
Issue-113, Year: 35, May-June-2014



**તંત્રીની કલમે આ પત્ર...**“પાસ્ખા પર્વ”નો મહાન ઉત્સવ ઊજવીને આપણે ધન્યતા અનુભવીએ છીએ. પ્રભુ પોતાનો એકનો એક પુત્ર માનવજાતના કલ્યાણને માટે માનવ તરીકે જગતમાં મોકલે છે. દેવપુત્ર ઈસુ પોતાના જીવનનું બલિદાન આપીને આપણા તારણને માટે સ્વર્ગનાં દ્વાર ઊઘાડે છે. માનવસ્વરૂપે ઈસુનું મૃત્યુ કષ્ટદાયક હતું, ઈસુનો મૃત્ત દેહ કબરમાં દટાય છે, પણ ત્રીજે દિવસે ઈસુ સજીવન થઈને 40 દિવસો સુધી પૃથ્વી પર રહે છે, અને દર્શન દઈને ઐશ્વર્યનો અનુભવ કરાવે છે!

ઈસુના સજીવન થયાનો અવસર-“પાસ્ખા” માનવજાતને નવીન આશા અને પ્રભુના અમૂલ્ય પ્રેમ, ક્ષમા અને શાંતિની ભેટ આપે છે! પરંતુ સુખી થવાની એ ભેટને અવગણીને યુધ્ધ અને પરસ્પર વેરઝેરથી આજે પણ માનવજાત જગતમાં અશાંતિ જગાવતી રહે છે.

*“તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે, જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો.”*

બીજા વિશ્વયુધ્ધમાં લાખો સૈનિકોની શહિદીને યાદ કરીને “મેમોરિયલ ડે” ઉજવાય છે. વિશ્વના ઘણા દેશોમાં સ્વદેશ માટે પનોતા પુત્રો યુધ્ધમાં ગુમાવ્યાના માનમાં “શહિદ દિન” મનાવવામાં આવે છે. ભારતમાં પણ ગાંધીજીના મૃત્યુદિન જાન્યુઆરી ૩૦ને યાદ કરીને ભારતની આઝાદીમાં જાન ગુમાવનાર સૌના માનમાં “શહીદ દિન” નક્કી થયેલો છે.

આજના સમયમાં તો યુધ્ધમાં સામેલ થયેલા ન હોય, તેવા નિર્દોષ લોકોને ‘આતંકવાદીઓ’ બેરહેમીથી મોતને ઘાટ ઉતારી દે છે. અનેક દેશોના વતનીઓ ‘વર્લ્ડટ્રેડ સેન્ટર’માં રોજીરોટી માટે કામ કરતા અમેરિકામાં ૯/૧૧ની ઘટનામાં નિર્દોષ હજારો જીવતા અગ્નિમાં હોમાઈ ગયા હતા. આવી શેતાનિયત શા માટે?

દુનિયાની માનવજાત વળી દર વર્ષની જેમ મે ૧૦મીના રોજ “મધર્સ ડે” ઊજવીને પોતાની જનેતાને માનસન્માન આપે છે. માતા પ્રત્યેનું ઋણ ઉતારી શકાતું નથી, પણ “માતૃદિન” નિમિત્તે માતા પ્રત્યેનો સંતાનોનો પ્રેમ દર્શાવીને ‘પ્રેમની ભૂખ’ પણ માનવના સામાન્ય જીવનની એક મહત્ત્વની વૃત્તિ હોવાનું સાબિત થાય છે!

પરિવારમાં સંતાનના જન્મની વધાઈ, એ સંતાનની જન્મતિથિની દર વર્ષે ઉજવણી, ‘મેરેજ એનીવર્સરી’ અને એવા તો કેટલાયે કૌટુંબિક અને સામાજિક ઉત્સવોની માનવજાતને ભૂખ-પ્રેમભૂખ તો છે!

માનવજાત વળી વિશ્વના સર્જનહાર અને સૃષ્ટિના સર્વેસર્વા પ્રભુ પરમેશ્વરને પણ પોતાના જીવનમાં સ્થાન આપે છે. પ્રભુ, પરમેશ્વર, ભગવાન અને તેવાં કોઈ નામથી શ્રધ્ધા ધરાવી પ્રભુની સેવા કરે છે. એ માટે માનવજાતે ધર્મો ઊભા કર્યા છે. પ્રભુની સેવા-ભક્તિ કરવા ભવ્ય ‘દેવાલયો’ પણ બાંધ્યાં છે. વિવિધ ધર્મોનાં દેવાલયો ભક્તોથી ઉભરાય છે. આ બધું મનુષ્યની આશા જીવંત રાખે છે. અને જગતમાં પ્રેમ અને શાંતિ જળવાય રહેશે તેવો સધિયારો મળે છે. પ્રભુ ઈસુ પુનરૂત્થાન પામીને માનવજાતની આશા જીવંત રાખે છે.

ઈસુના બલિદાનના આગલા દિવસે શિષ્યોને જગત માટે મહાન સંદેશો આપે છે; *“હું જ્યાં જાઉં છું ત્યાં તમે આવી શકવાના નથી. તમને હું એક નવી આજ્ઞા આપું છું: પરસ્પર પ્રેમ રાખજો. મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે.”* અને પ્રભુ કહે છે, *“તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે, જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો.”*-પ્રભુ ઈસુનો આ આદેશ ત્યાં હાજર હતા તે બાર શિષ્યો માટે જ હતો, તેમ શું આપણે માનીએ છીએ? ઈસુ ફક્ત તેમના શિષ્યો પરસ્પર પ્રેમ રાખે, તેવું કહે છે? *‘તમે મારા શિષ્યો છો’* તે ફક્ત ત્યાં હાજર ૧૨ શિષ્યો માટે જ ઈસુ બોલ્યા હતા? આપણે આજે પણ તેમ જ માનીએ છીએ? ના, એમ માનવું એ માણસની ગંભીર ભૂલ, અને ગેરસમજ ગણાવી જોઈએ.

પ્રભુ ઈસુને પોતાના તારણદાતા માનનારની જો આવી ગેરસમજ હોય તો તેમણે સાચી સમજ મેળવવી પડશે.

સાચી અને વધુ સ્પષ્ટ સમજ મેળવવા શિષ્ય યોહાનને ઈસુ તરફથી મળેલા દર્શનની વિગત જાણવી પડશે. અપમાનિત થયેલા ઈસુ જગતનાં પાપો માટે વધ થયેલા ઈશ્વરના હલવાન, અંત સમયમાં સૃષ્ટિના ઈતિહાસનું નિયંત્રણ પોતાના હાથમાં લે છે, ભૂંડાઈનો નાશ કરે છે. અને માનવજાત માટે અનંતકાલિક જીવન સિધ્ધ કરીને સદાકાળ માટે ન્યાયીપણું સ્થાપન કરે છે. *“તેઓની આંખોનાં આંસુ લૂછી નાખશે, અને મરણ રુદન, વિલાપ અને દુ:ખનો અંત આવશે.”* (પ્રકટીકરણ-દર્શન-સંદર્સ્હન-૨૧: ૪)

યોહાન સાક્ષી પૂરે છે કે, તે ઈશ્વરની વાણી અને ઈસુએ જાહેર કરેલો સંદેશ છે. પ્રભુએ સૃષ્ટિ સર્જીને મનુષ્યને બધું જ આપ્યું. પણ સાથે સત્યના માર્ગે ચાલવા પ્રભુએ આજ્ઞાઓ આપી, અને મનુષ્યો એ આજ્ઞાઓને અનુસરે તેવો આગ્રહ રાખ્યો.
આજે પણ મનુષ્ય પ્રેમ, ક્ષમા અને શાંતિના માર્ગે-પ્રભુએ દર્શાવેલા માર્ગે ચાલતા નથી. ત્યારે દર વર્ષે પ્રભુ ઈસુના પુનરુત્થાનના પર્વ “પાસ્ખા” નિમિત્તે આપણાં જીવન તપાસીએ, બસ, પરસ્પર પ્રેમભાવ કેળવીએ અને દુષ્કૃત્યો આચરીએ નહિ!

---

**મૂલ્યવાન આભૂષણનું દાન**-*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

આપણા સર્વ સંજોગો અને સમય પ્રભુ તરફથી આવે છે, છતાં જીવનની નિશાળમાં આપણે કાચા વિદ્યાર્થી જ છીએ. આપણને જીવનની કોરી પાટી-સ્લેટ-માં આડાઅવળા લીટા કરતાં આવડે છે, પણ એ લીટીની સુંદર આકાર આપી કલાત્મક આકૃતિનું સ્વરૂપ આપતાં આવડતું નથી. જે આત્મિક ફળો ઈશ્વરે આપ્યાં છે તેનો ઉપયોગ કરી શણગાર કરતાં આવડતું નથી.ઈશ્વરે આપણને પ્રેમ અને ક્ષમાનાં આભૂષણથી અભિભૂત કર્યા છે, પણ આપણે પ્રભુને હંમેશાં નિરાશ જ કરીએ છીએ. જિવનને સાચાં કાર્યોથી શણગારવાનું છે. મળેલાં દાનોનો જીવનમાં ઉપયોગ કરવાનો છે. સ્વને-ખુદને આપણે અન્યને માટે ઉપયોગી બનાવવાના છે.

આપણા ઋણો માફ થયા છે. તો આપણા ઋણીઓને માફ કરીએ. જીવનની પ્રત્યેક ભૂલની ઈશ્વરે ક્ષમા આપી છે, તો ક્રોધ, રાગ-દ્વેષ, કટુતાને દૂર કરી જીવનને મળેલાં દાનોથી શણગારીએ. *“તેણે આપણા પર પ્રીતિ કરી, એકાકીજનિત દીકરો આપ્યો કે, તેના નામ પર વિશ્વાસ કરી અનંત જીવનના ભાગીદાર બનીએ.”* (યોહાન ૩:૧૬) *“સર્વ અન્યાયથી આપણને શુધ્ધ કરવા દેવે પોતાનો પુત્ર આપ્યો. તે જો એકનોએક પુત્ર આપે છે તો તે કૃપા કરીને બધું જ આપશે.”* (તિતસ ૨:૧૪)

“ઈશ્વર આપણને બધું જ આપવા માગે છે.” (રૂમી ૮:૩૨) “બાઈબલ”માં ક્યાંય એવું નથી કે, તેના લોક ગરીબ અને લાચાર હોય. પ્રભુએ તેના ભક્તો અબ્રાહામ, ઈસહાક, યાકોબ, દાઉદ અને સુલેમાન જેવા રાજાઓને સમૃધ્ધ બનાવી સાધન-સંપત્તિથી ભરપૂર કર્યા. ગીતશાસ્ત્ર ૩૭:૨૫ *“હું જુવાન હતો અને ઘરડો થયો છું. ન્યાયીને તજેલો કે તેનાં સંતાનોને ભીખ માગતાં મેં જોયાં નથી.”* પ્રભુ તેનાં બાળકોને આત્મિક અને ભૌતિક વાનાંથી શણગારે છે. નવું હ્રદય આપી સુખ-સગવડ આપે છે. *“હું તમને નવું હ્રદય પણ આપીશ અને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ; અને હું તમારા દેહમાંથી પાષાણ હ્રદય દૂર કરીશ.”* (હઝકિયેલ ૩૬:૨૬) તે આપણને તેની ધન્ય આજ્ઞાઓ પાળવામાં મદદ કરશે. પ્રભુ આપણને તેનો પ્રિય તથા મનગમતો માણસ બનાવે. તેને ગમતું સાચું અને શુધ્ધ હ્રદય આપે કે જેથી યોહાન ૧:૧૨ *“જેટલાએ તેનો અંગીકાર કર્યો અને જેટલા તેના નામ પર-*



“અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ” સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com* વાંચો અને ફોર્વર્ડ કરો!

કરે તેટલાને તેણે દેવના છોકરાં થવાનો અધિકાર આપ્યો છે. પસ્તાવા સાથે તેના પર વિશ્વાસ કરીએ. પ્રેરિતોનાં કૃત્યો ૫:૩૧ તે ઈસ્રાયેલના મનમાં પશ્ચાત્તાપ (કરાવે) તથા તેઓના પાપની માફી આપે. પરિવર્તનને અપનાવીશું તો જીવન બદલાશે. કઠોર પરિશ્રમ, પ્રભુની સંગત અને આત્મવિશ્વાસને સ્વીકારીએ.

ઘણીવાર આપણે આપણી પોતાની જાતને ઘણી ઉત્તમ અને સારી માનીએ છીએ. પ્રભુના સર્વ નિયમો પાળુ છું અને ખોટાને ધિક્કારું છું. કારણ, પ્રભુએ મને પ્રેમ, શાંતિ, આનંદ, ધીરજ, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા અને સંયમ; આમ આચરનારને નિયમનું બંધન નથી. (ગલાતિ ૫:૨૨-૨૩) આ બધાં પવિત્ર આત્માનાં ફળો આપણને આપ્યાં છે, બધાં જ ઘરેણાંથી સર્જ્યા છે. આ બધું મળે, આબાદી આવે એટલે અહંકાર આવે છે. પણ પ્રભુ તો દુષ્ટતાને ધિક્કારે છે. (ગીતશાસ્ત્ર ૫: ૪-૫) કેમકે, દુષ્ટતાથી ખુશ થાય તેવો તું દેવ નથી. ભૂંડાઈ તારી પાસે ટકી શકતી નથી. તારી હજુરમાં ગર્વિષ્ટો ઊભા રહી શકતા નથી. કેમકે, દુષ્કર્મીઓનો તું દ્વેષ કરે છે. નીતિશાસ્ત્ર ૬: ૧૬ ગર્વિષ્ઠ આંખો, જૂઠાબોલી જીભ, અને નિર્દોષનું લોહી વહેવદાવનાર હાથ પ્રભુથી દૂર લઈ જાય છે. યશાયા ૬૧: ૮ પ્રભુ કહે છે, હું સત્યતા પ્રમાણે તેમની મહેનતનો બદલો આપીશ. આપણે પ્રભુની આજ્ઞામાં ચાલીએ, એ સારી વાત છે કારણ, આત્મિક ફળોની રોપણી આપણામાં કરી છે. ગીતશાસ્ત્ર ૩૭: ૪-૫ તે તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે. તારા માર્ગો યહોવાને સોંપ; તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે.

પ્રભુ આપણને ચમકતો પ્રકાશ આપે કે જ્યાં સંકટરૂપી વાદળો ઘેરાયેલા ના હોય, તેના જેવું શ્વેત બરફસમ હૃદય આપે, જે આપણે તેને સમર્પી શકીએ. કારણ, ઉપદેશ આપવો એ મોટી વાત નથી, હૃદયની પવિત્રતા, વ્યવહારુ ન્યાયીપણું અને જીવન પ્રભુએ આપ્યા છે. તે ખ્રિસ્તના જેવા થવા સારુ, અંતરનું બદલાણ કરી કૃપા તથા ગૌરવ આપશે, ને ન્યાયીથી વર્તનાર માટે કંઈ પણ સારું વાનું રોકી રાખશે નહિ. (ગીતશાસ્ત્ર ૮૪: ૧૧)

વર્ણવ્યુ વર્ણવાય નહિ એવા દાન માટે ઈશ્વરનો આભાર! (૨ કરીંથ ૯: ૧૫) આત્માથી અને સત્યતાથી તેના આપેલા દાનને માટે તેની સ્તુતિ કરીએ. સાથે સારાં કાર્યો કરીને અનંત જીવનના ભાગીદાર થઈએ.

આપણે અંત સુધી દૈહિક રીતે જિવંત રહેવાના નથી, પણ અપણાં કરેલાં કાર્યો જીવંત રહેવાનાં છે. તે જોઈને લોકો પ્રભુની સ્તુતિ કરે. આપણે પ્રભુની નજરમાં કિંમતી છીએ તો હંમેશાં કિંમતી જ રહીએ.

### "બાઈબલ સ્ટડી"-મે-જૂન, ૨૦૧૪ના પ્રશ્નો:

**પ્ર. ૧. નીચેનાં વાક્યો કોણ બોલે છે? કોને કહે છે?**

(ગીતશાસ્ત્ર, ન્યાયાધીશ ૨, ગણના, ૧ રાજા, ૨ રાજાના આધારે)

૧) જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુધ્ધ કરી શકે?

૨) હે યહોવાહ, તારો કાન ધરીને મને ઉત્તર દે.

૩) જે થાંભલાઓ પર ઘરનો આધાર રહેલો છે, તે મને ફંફોસી કાઢવા દે, કે હું તેઓને અઢેલીને ઊભો છું.

૪) યહોવાહે કોને કહ્યું કે આ જમાતમાંથી જુદા નીકળો કે એક પળમાં હું તેમનો સંહાર કરું.

૫) સુનામીના છોકરાને કોણે અને કેવી રીતે જીવતો કર્યો?

૬) સુલેમાન રાજાને કેવું સ્વપ્ન આવ્યું?

**પ્ર. ૨. ખાલી જગ્યા પૂરો.** (દાનિયેલ, હબાક્કૂક, યશાયાહ, હઝકિયેલ)

૧) દાનિયેલે રાજાને વિનંતી કરી તેથી તેણે __ __ __ બાબિલ પ્રાંતના ____ નીમ્યા.

૨) હવે હું __ આકાશના રાજ્યની __ કરું છું. તેને __ માનું છું.

૩) હું મારી __ પર ઊભો રહીશ ને મારી __ પર __ રહીને જોયા કરીશ.

૪) ઢીલા __, __, __ અને __ ઘુંટણોને સ્થિર કરો.

૫) તે દરેકને __, __, હતા, પહેલું મુખ __ હતું, બીજું __ હતું ને ત્રીજું __ હતું, ચોથું __ હતું.

**પ્ર. ૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો.** (૧ શમુ, ૨ શમૂ. ન્યાયાધીશ, લેવીય)

૧) શાઉલને કોણે અને કેવી રીતે મારી નાખ્યો?

૨) હાન્નાએ એલી યાજકને તેના દીકરા સંબંધી શું કહ્યું?

૩) સીસરાને કોણે મારી નાખ્યો? કેવી રીતે?

૪) ઈસ્રાએલ પુત્રોએ યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું હતું તે કર્યું તેથી તેમને શી શિક્ષા મળી?

૫) યહોવાહે સિનાઈ પર્વત ઉપર મુસાને શું કહ્યું?

**"બાઈબલ સ્ટડી"-માર્ચ-એપ્રિલ ૨૦૧૪ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** સૌને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"નાં અભિનંદન!

૧) વેલેન્ટીના ટેલર-શિકાગો ૨) એમિલ્યા ક્રિસ્ટી-ન્યુ જર્સી ૩) રીબેકા ડાયલ- ન્યુયોર્ક ૪) સ્ટેલા પરમાર-ન્યુ જર્સી ૫) શાંતાબેન એમ. ન્યુ જર્સી ૬) માગ્રેટ ક્રિસ્ટી ૭) ઉષા મરચંટ-ન્યુયોર્ક ૮) ભાનુ ક્રિસ્ટી-કેલિફોર્નિઆ

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"** ને મળેલા દાનની યાદી-

-ડૉ. મધુ સોલંકી અને જોયસ સોલંકીના લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂરાં થયાં નિમિત્તે $50/ આપને અભિનંદન સાથે અમારી પ્રાર્થના છે કે, આપનું આપનું લગ્ન જીવન સુખ,શાંતિ અને તંદુરસ્તીભર્યું રહે!

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"** હાર્દિક આભાર માને છે!

-"ઈમાનુએલ મેથોડિસ્ટ ચર્ચ" શિકાગોમાં મે ૧૧, ૨૦૧૪ના રવિવારે માનવંતા બિશપ Sally Dyke અને ડી. સુ. Rev. Dr. Zaki L. Zaki પધાર્યા હતા. ચર્ચમાં મોટી હાજરીમાં બાપ્તિસ્મા, નવા મેમ્બર અને Conformationની વિધિ કરાવી હતી. મિ. એન્ડ મિસિસ અપૂર્વ ચિટનિસની દીકરી ચિ. Keya Nicole ચિટનિસ અને મિ. એન્ડમિસિસ સુરેશ ક્રિશ્ચિયનની દીકરી Nikita Kolekerનું બાપ્તિસ્મા થયું હતું. જયપ્રકાશ અને વેલેન્ટીના ટેલરની દીકરી Jeel Taylorનું Conformation થયું હતું. સૌ બાળકોને અભિનંદન!

* શિકાગોસ્થિત શ્રી સેમ્સન મેકવાન અને શ્રીમતી શાંતાબેન મેકવાનની પચાસમી લગ્ન તિથિ ધામધૂમથી ઉજવાઈ હતી. સગાંસંબંધી અને મિત્રોની ઉપસ્થિતિમાં કેક કટિંગ સેરીમની અને ગીત-ગર્બા અને ડાન્સમાં સૌએ જોડાઈને આનંદ માણ્યો હતો. **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"** આપને હાર્દિક અભિનંદન પાઠવે છે!

### ગુજરાતી ખ્રિસ્તયજ્ઞનો અનેરો અવસર

" ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ "માટે પવિત્ર ખ્રિસ્તયજ્ઞનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો .મે ૧૬, ૨૦૧૨માં જેમને યુએસએમાં ડોક્ટરેટની ઉચ્ચ ડીગ્રી મેળવીને ભારત પરત જવા ભવ્ય વિદાય આપી હતી તેવા સંસ્થાના અને ગુજરાતી કેથલિક પરિવારોના માનીતા પોતાના પ્રિસ્ટ ફા .એલેક્ષના શુભ હસ્તે પવિત્ર ખ્રિસ્તયજ્ઞમાં સહભાગી થવાનો કાર્યક્રમ યાદગાર બની રહ્યો .તા .૧૮ મે, ૨૦૧૪ને રવિવારે બપોરના બરાબર ૩ વાગે" *આવો પ્રભુના માનમાં ગાઓ* "ભજન સૂર-તાલ સાથે સમૂહમાં ગવાતાં ભક્તિસભાનો આરંભ ભાવવાહી રહ્યો .ફા .એલેક્ષે પોતાને આ તક મળી તે બદલ પ્રભુનો આભાર માનીને" ગુ .કે .સમાજ ઓફ યુએસએ"ની એકતાને બીરદાવી ખ્રિતયજ્ઞમાં સૌને આવકાર્યા હતા .

પ્રભુનાં યશોગાન, શાસ્ત્રવાચનને અનુરૂપ ભજનોમાં સૌ ભક્તિભાવે જોડાયા હતા . અર્પણગીત અને પવિત્ર ખ્રિસ્તપ્રસાદની વિધિમાં ધન્યતા અનુભવતાં સૌએ પ્રભુને પોતાના હૃદયમાં આવવા પ્રાર્થના કરી હતી .

શાસ્ત્રવાચન ઉપર ફા .એલેક્ષે મનનીય બોધ આપ્યો હતો .પ્રભુને રસ્તે ચાલવા સજીવન થયેલા ઈસુએ શિષ્યોને દર્શન દઈને શ્રધ્ધાની પ્રતિતિ કરાવી હતી, તે શિષ્ય થોમસના પ્રસંગને ફા .એલેક્ષે સમાજવીને પ્રેમ, એકતા અને પ્રભુએ પ્રબોધેલા માર્ગે ચાલવા ભક્તજનોને અનુરોધ કર્યો હતો .

ખ્રિસ્તયજ્ઞને ગીતસંગીત સાથે ભક્તિમય બનાવવા સર્વશ્રી જગદીશ ક્રિશ્ચિયનની દોરવણીમાં હાજર સૌ ઉત્સાહથી જોડાયા હત ખ્રિસ્તયજ્ઞ બાદ ચર્ચના ઓડિટિરિયમમાં હળવા-મળવાનો અને સંસ્થાના મહેમાન ફા .એલેક્ષને સન્માનવાનો કાર્યક્રમ ઉદ્ઘોષકશ્રી કેતન ક્રિશ્ચિયને રસપ્રદ બનાવ્યો હતો.. સંસ્થાના પ્રમુખશ્રી શાંતિલાલ પરમારે સૌને આવકારીને ફા .એલેક્ષનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું .આ કાર્યક્રમના સહભાગી થનાર મહાનુભાવો શ્રી લિનસ ટેલર અને શ્રીમતી સપના ગાંધીને આદરથી આવકાર આપ્યો હતો . શ્રીમતી સપના ગાંધીએ તેમના તરફથી ફા .એલેક્ષને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કર્યું હતું .સમગ્ર આયોજનના પ્રણેતા શ્રી જગદીશ ક્રિશ્ચિયનની સેવાને બિરદાવવામાં આવી હતી .સંસ્થા તરફથી ફા .એલેક્ષને પ્રેમભેટ અર્પણ કરવામાં આવી હતી

સન્માનના જવાબમાં ફા .એલેક્ષે તેઓનાં સંસ્થા સાથેના સંબંધોને તાજા કરીને સૌએ ભાવથી આજનો કાર્યક્રમ યોજવા બદલ સૌનો આભાર માન્યો હતો .દરેક પરિવારનો ફાધર પ્રત્યેનો પ્રેમભાવ યાદ કરીને વિદેશમાં એકતા અને સંપથી મળતા રહેવાની સંસ્થાની રીતરસમ માટે સૌને અભિનંદન આપ્યાં હતાં . સંસ્થાના આજીવન સભ્યશ્રી નિતીન પરમારના સૌજન્યથી સંસ્થાના નામ સાથેની પેન દરેકને ભેટ આપવામાં આવી હતી . સંસ્થાના આજીવન સભ્ય પરિવાર શ્રી કિરીટ અને શ્રીમતી રીટા જખાર્યા તરફથી હળવા નાસ્તાપીણાં- બદલે સંપૂર્ણ ભોજનની લિજ્જત સૌએ માણી હતી. સંસ્થા પ્રત્યેની ફા. એલેક્ષની આત્મિયતા વીં હતી કે, ભારતય્જી સૌને માટે ખાસ મિઠાઈ લઈ આવ્યા હતા.

૧૯ મે, ૨૦૧૪ના રોજ જન્મ તારીખ હતી તેમના“ જન્મદિન”નની ઊજવણીનો એક ‘સરપ્રાઈઝ’ કાર્યક્રમ છેલ્લે યોજાયો હતો !સંસ્થાનાં આજીવન સભ્ય શ્રીમતી નિલાક્ષી જખાર્યાના જન્મદિનને સગાઈસંબંધે તેમનાં દેરાણી શ્રીમતી રીટા જખાર્યાએ આ ‘સરપ્રાઈઝ’ રાખી હતી .કેક કાપવાની વિધિમાં અને નાચગાનમાં સૌ ઉત્સાહથી જોડાયાં હતાં .મેટાચન ડાયોસીસના“ મલ્ટીકલ્ચરલ મિનીસ્ટ્રી”ના ડાયરેકટર સીસ્ટર રૂથ, સેન્ટ જેમ્સ ચર્ચના પેરિશપ્રીસ્ટ ચાર્લીનો અને ‘સાઉન્ડ સીસ્ટમ’ માટે શ્રી રજની અને અમિત મેકવાનનો આભાર માનતાં શ્રી જગદીશ ક્રિશ્ચિયને આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હતી .સંસ્થાના અને અન્ય સમાચારો જાણવા શ્રી કેતન ક્રિશ્ચિયને વીકમાં એકાદ વખત com.jagadishchristianવેબ સાઈટ જોવા ખાસ અનુરોધ કર્યો હતો .એક ધાર્મિક પ્રસંગ સાથે એક સામાજિક પ્રસંગ માણ્યાનો બેવડો આનંદ સાથે સૌ વિદાય થયા હતા.

માતા મરિયયમધામની યાત્રા

Metuchen, NJ-ધર્મસંઘના ઉપક્રમે પવિત્ર યાત્રાધામનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૦ મે, ૨૦૧૪ને શનિવારે સવારના ૭ વાગે ૫૬ પેસેન્જરની બસ “વોશિંગ્ટનડી. સી.” પહોંચવા ઉપડી હતી. “મેટાચન ધર્મસંઘ”નાં ‘મલ્ટી કલ્ચરલ મિનિસ્ટ્રી”નાં ડાયરેક્ટર સીસ્ટર રૂથ બોલર્ટેના વડપણ હેઠળ “ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ”ને આ યાદગાર પવિત્રધામની યાત્રામાં સહભાગી થવાની તક સાંપડી હતી. સંસ્થાના ઉત્સાહી કાર્યકરશ્રી જગદીશ ક્રિશ્ચિયન અને પ્રમુખશ્રી શાંતિલાલ પરમારના સુપેર આયોજનથી સંસ્થાના ૨૯ સભ્યો યાત્રામાં જોડાયા હતા.

સવારના ૬:૪૦ કલાકે “૧૨ ફિલિપીન, ૧૦ ચાઈનીઝ, ૨ ઈન્ડોનેશિયન, ૨ સીસ્ટરો સાથેના ગુજરાતી કેથલિકોએ પાસ્ટરલ સેન્ટર” પીસ્કાટ્વે, ન્યુ જર્સીના સ્થળેથી પ્રાર્થના કરીને યાત્રાનો આરંભ કર્યો હતો. ખુશનુમા હવામાનમાં ગુજરાતી-અંગ્રેજીમાં ગુલાબમાળાના જાપમાં સૌ યાત્રાળુઓએ ભક્તિભાવે ભાગ લીધો હતો. “સૌ ઘેર ઘેર માળા ગુલાબની જપાય” ગુજરાતી ગ્રુપે સમૂહમાં ભક્તિગીત ગાતાં સૌને યાત્રામાં જોડાયાનો ઉત્સાહ વધ્યો હતો. .

સવારના ૧૧:૨૦ કલાકે “Basilica of the National Shrine of the Immaculate Conception”ના ભવ્યાતિભવ્ય ચર્ચના પ્રાંગણમાં પહોંચ્યાનો આનંદભાવ સૌમાં વર્તાતો હતો. બપોરના ૧:૦૦ વાગ્યે “Asian and Pacific Island Catholics for Mary” 12th Annual Pilgrimage કાર્યક્રમ શરૂ થનાર હતો. ત્યાર પહેલાં ગુજરાતી ગ્રુપે સમૂહભોજનની લિજ્જત માણી હતી. વિશાળ અદ્‌ભૂત ચર્ચનો પવિત્ર માહોલ અને લીલીછમ હળિયાળી મનને શાંતિ પ્રેરતી હતી. વિવિધ દેશ-જાતિના યાત્રાળુઓ ચર્ચમાં પવિત્ર માતા મરિયમની આદર-સન્માનની પરેડમાં જોડાયા હતા. કર્ણમધૂર ગીતસંગીતના સૂર-સ્વરો સાથે પરેડની ભવ્યતા અને યાત્રાળુઓનો ભક્તિભાવ હૃદયને સ્પર્શતો હતો. વિવિધ દેશ-જાતિમાં ફિલિપાઈન, વિયેટનામી, કમ્બોડિયન, ચાઈનીઝ, કોરિયન, શ્રીલંકન, મ્યાનમાર, વૈલાંકિની-ઈન્ડિયન, મલબારી, જપાનીઝ, વગેરે સાથે “ગુ. કે. સમાજ ઓફ યુએસએ” પોતાના બેનર અને ભવ્ય મોટી એવી ગુલાબમાળાની પરેડમાં સૌએ ખાસ નોંધ લીધી હતી.

કેટલાંક ગ્રુપોએ પોતાની પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને સૌની શાબાશી મેળવી હતી. Bishop Martin D. Hollyના હસ્તેના “પવિત્ર ખ્રિસ્તયજ્ઞ”માં ૨૧ પ્રિસ્ટ જોડાયા હતા. પવિત્ર અને ગંભીર ‘ખ્રિસ્તયજ્ઞ”નો સંગીતમય ભક્તિયજ્ઞ મન-હૃદયને પ્રભુને મળ્યાનો અહેસાસ કરાવતો હતો. ૫,૦૦૦થી વધુ યાત્રાળુઓએ ભક્તિસભામાં ભાગ લઈને “પવિત્ર ખ્રિસ્તપ્રસાદ” સ્વીકારીને ધન્યતા અનુભવી હતી. ચર્ચની ભવ્યતા આંખને આંજી દે તેવી હતી. ચર્ચની વિશાળતા જોવા એક આખો દિવસ જોઈએ. ચર્ચના “મેમોરિયલ હોલ”માં ધાર્મિક ચીજવસ્તુઓની યાત્રાળુઓએ યાદગીરી માટે ખરીદી પણ કરી હતી. સાંજના ૫:૨૫ કલાકે યાત્રાધામેથી પરત નીકળતાં મુસાફરીમાં અધવચ્ચે ટૂંકા વિરામ પછી રાતના ૯:૧૫ કલાકે “પાસ્ટરલ સેન્ટર” પીસ્કાટ્વે બસ સહિસલામત પહોંચી હતી. સૌ યાત્રાળુઓ હશીખુશીથી ભેટી-મળીને એક યાદગાર યાત્રાનો આનંદ માણ્યાના ઉલ્લાસ સાથે પોતપોતાના નિવાસે જવા રવાના થયા હતા.

**પુનરુત્થાનનું પ્રભાત-** *જયંત સુતરિયા (Atlanta)*

ભસ્મ બુધવારથી પ્રારંભાતી ને ‘ગુડ ફ્રાઈડે’ની કરૂણાંતિકામાંથી પસાર થઈ પુનરુત્થાનના મંગળ પ્રભાતમાં પરિણમતી આપણી ‘તપઋતુ’નું ઈસુપંથીઓના જીવનમાં વિશેષ મહત્ત્વ છે!

સામાન્ય રીતે ઉપવાસને બધા જ ધર્મોમાં વણી લેવામાં આવ્યો છે. અર્થાત્ ઉપવાસની પરંપરા જગતના બધા જ ધર્મોમાં આવરી લેવાઈ છે. ઉપવાસનો શાબ્દિક અર્થ થાય છે; ઉપ એટલે પાસે અને વાસ એટલે રહેવું તે. પ્રભુની નજદીક રહેવું તેનું નામ ઉપવાસ! કેટલાક શ્રધ્ધાળુઓ ૪૦ દિવસના ઉપવાસ કરે છે, તો કેટલાક ભસ્મ બુધવાર ને ગુડ ફ્રાયડે કરે છે. અમુક વિશ્વાસીઓ ફક્ત શુક્રવારનો જ ઉપવાસ કરતા હોય છે.

ખરેખર ૪૦ દિવસના તપઋતુના ઉપવાસ કરવા, એ એક મોટી સિધ્ધિ છે! મનોનિગ્રહની મોટી ક્વાયત અને આત્મસંયમની મોટી બાબત છે. આધ્યાત્મિક શક્તિ માટેનું-ઉપવાસ એક પૂરકબળ છે. આમ અણ આરોગ્યની દૃષ્ટિએ પણ ઉપવાસનું અદકેરું મહત્ત્વ છે. વધુમાં તપઋતુ દરમ્યાન કેટલાક શ્રધ્ધાળુઓ માંસાહાર તેમજ મદ્યપાનનો પણ નિષેધ કરે છે. આ તો ઘણી જ સ્તુત્ય બાબતો છે.

ખ્રિસ્તી હોવું એટલે મદ્યપાન કે માંસાહાર જીવનમાં સ્વીકારવો, એ ભ્રામક બાબત છે. આવી ઓળખ કે માન્યતા તદ્દન ભૂલભરેલી છે. અમેરિકા જેવા ઠંડા પ્રદેશમાં પણ ગોરી પ્રજાના કેટલાક લોકો વેજીટેરીયન હોય છે. નેપોલિયન બોર્નાપાર્ટે કહેલું કે, “માંસાહાર કરીને મારા શરીરને કબ્રસ્તાન બનાવી દેવા નથી ઈચ્છતો!” વસ્તુત: આ બાબત ઘણી જ માર્મિક છે, ઝટ આપણી સમજમાં આવે તેવી વાત નથી. પરંતુ એ વાત એટલી જ સાચી પણ છે કે માનવીના તન અને મન ઉપર ખોરાકની અસર અવશ્ય થાય છે જ. તીખો અને તમતમતો મસાલાપ્રચૂર ખોરાક ખાવાથી મન તામસીક રહેવાનું જ. માટે ઉપવાસ રાખીને આપણા મનને સ્વસ્થ રાખી શકાય છે. અને આપણા ઈષ્ટદેવ પ્રભુબાપ પ્રત્યેની આસ્થા પણ સંતોષાય છે.

તપઋતુ દરમ્યાન પવિત્ર ગુરુવારની ઘટના-ઈસુ પોતાના શિષ્યોના પગ ધુએ છે-તે બાબત જીવનનમાં નમ્રતા તરફ નિર્દેશ કરી જાય છે. આપની અંદર રહેલા અહંકારને ભૂલીને અદના ભાઈ-ભાંડૂઓની સેવા કરવાનો ગજબનો સંદેશ એ પવિત્ર ગુરુવારની ઘટનામાં સમાવિષ્ટ છે. વળી નિર્દોષ ઈસુને છેતરપીંડીથી પકડાવીને રાજા સમક્ષ રજૂ કરાવી તેમને મૃત્યુદંડની સજા અપાવવી, એ આખીયે કરુણાસભર ઘટના સમગ્ર ખ્રિસ્તીધર્મને ઉચ્ચસ્થાને આરૂઢ કરાવે છે! ક્રૂર સિપાઈઓ દ્વારા ચાબૂક્ના મારથી લોહીલુહાણ થતા ઈસુની કાલવારીની યાત્ર એ ખરેખર આપણાં હૈયાંઓને હચમચાવી મૂકનારી અને આપણાં અંતરચક્ષુઓને ભીંજવી દેનારી ઘટના છે. ‘પ્રભુ કેમ ચઢ્યો તું પા’ડ, એ ડુંગર વસમો કાલવારી’. ખરેખર તો કાલવારીની યાત્ર આપણા સહુની જીવનયાત્ર છે. પ્રભુના સાચા ભક્ત તરીકે આવુંબધું આપણા જીવનમાં સહન કરવાનું આવે જ છે.

પડતાઆખડતા, ભૂખ્યા તરસ્યા, ક્રૂર સિપાઈઓનો ચાબૂકનો માર ખાતા ને હાથેપગે ખીલા અને છાતીએ ભાલાનો ઘા ખાતા, માથે કાંટાલો તાજ સાથે વધસ્તંભે જડાયેલા ઈસુના શબ્દો- *“પ્રભુ તું એમને માફ કરજે કારણ, તેઓ શું કરી રહ્યા છે તેની તેમને જાણ નથી”* આટલી મોટી ક્ષમાયાચના તો અન્ય કોઈના મુખે સાંભળી જ નથી. બીજાંનાં પાપો માટે પોતાની જાતનું બલિદાન,આ તે કેટલું મોટું અભૂતપૂર્વ સમર્પણ! ઈસુના બલિદાનની ઘટ્નાને એક આંગ્લકવિની રચનામાં જાણે કે એકરૂપ થતી લાગે છે. “our sweetest songs are those that tale of saddest thoughts!” એટલે કવિ કલાપીની રચના મુજબ; “અમારાં મીઠાં તે રૂદનમય છે ગીત સઘળાં!”

The International Commission for Dalit Rights is holding a march in Washington DC. on June 21 from 4-6 pm, ending at the White House. You can find out about it at their website http://www.icdrintl.org/.

So far those of us are going to making own travel arrangements. *The bill we discussed, House resolution #566, was introduced by Eleanor Holmes Norton. Please ask people to call their representatives and request that they vote for the bill. If we have further action planned I will let you know.*

*https://www.govtrack.us/congress/bills/113/hres566/text.*

I invite your prayers and response for the Rights of Dalits in India.

*-Rev. Jacob Philip*

**..........જીવન કેદ નથી.**-*જયંત સુતરિયા (Atlanta)*

શ્વેત-અશ્વેતના અહીં ઝાઝા ભેદ નથી!
કોઈ જ દાયરામાં અહીં જીવન કેદ નથી,
અક્ષત્ જણાય છે આ દેશ મને,
અહીં કોઈ આંશ કે છેદ નથી!
સર્જે છે સેનેટ કાયદા અહીં,
પ્રજા દ્વારા આમ અહીં ઉલ્લંઘન નથી,
શિશુ, સગર્ભા, વિકલાંગ ને વડીલોને,
કોઈ જાતનો અહીં ખેદ નથી!
શિસ્ત સભ્યતા ને સ્વચ્છતા અહીં,
રાજકીય પક્ષોમાં અહીં મનભેદ નથી!
સમયની સાથે જીવન દોડતું અહીં,
પારકી પંચાત કરવી કે કોઈ ખણખોદ નથી!

* **ખાસ સૂચના:-** **American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનાર દરેક લેખક મહાનુભવે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** કેટલાક માનનીય શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલે છે, તેથી લેખક પોસ્ટલ સ્ટેમ્પ્સનો ખર્ચ કરે, અને રૂથબેન એ જ લેખ તંત્રીને મોકલવા ફરીથી પોતે પોસ્ટલ સ્ટેમ્પ્સ ખર્ચે, આમ ડબલ ખર્ચ થાય, વળી લેખ તંત્રીને મળતાં બમણો સમય જાય, તે ઠીક નથી. દર બે મહિને પ્રસિધ્ધ થતા American Christian New માટેના લેખ-લખાણો **મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!

-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ તંત્રીની જાણ માટે અચૂક લખવી.

-"બાઈબલ સ્ટડી"ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા.

-આપનાં દાન ફક્ત રોકડમાં પોસ્ટલ સ્ટેમ્પ્સ માટે શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવાં.

-"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"માં પ્રસિધ્ધ થતાં લખાણો અંગે જે તે લેખકની જવાબદારી રહેશે.

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** નિયમિત મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ એડ્રસ** અથવા **ઈ-મેઈલ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**

Editor-ACN, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Email: jospausa@yahoo.com ⁎ Phone: 732-855-0596

માર્ચ, એપ્રિલ, મે અને **જૂન- 2014 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | માર્ચ 2014 | એપ્રિલ- 2014 | મે- 2014 | **જૂન- 2014** |
|---|---|---|---|---|
| **F-1** | 01 Feb-07 | 22 Feb-07 | 08 Mar-07 | **22 Mar-07** |
| **F-2 A** | **08 Sep-13** | **08 Sep-13** | **08 Sep-13** | **01May-12** |
| **F-2 B** | 01 Sep-06 | 22 Oct-06 | 01 Feb-07 | **01Apr-07** |
| **F-3** | 15 June-03 | 15 July-03 | 01 Sep-03 | **01 Oct-03** |
| **F-4** | 08 Nov-01 | 22 Nov-01 | 03 Dec-01 | **15 Dec-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **જૂન -2014ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-"અમેરિકન સીટીઝન"નાં **સગીર** (અપુખ્ત) સંતાનો અને **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો- **22 March-2007** (ફક્ત **14** દિવસ **આગળ** વધી છે)

**નોંધ: ("યુએસ સીટીઝન"નાં** પતિ/પત્ની, **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન,** માતા/પિતા (ફાઈલ અલગ અલગ કરવી)ને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

**F-2 A** "ગ્રીનકાર્ડધારક"નાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો-**01May-12** (**સતત આઠમા મહિના સુધી 08 September-2013 ઉપર જ અટકી હતી ત્યાંની આ મહિને 1 વર્ષ અને 5 મહિના પાછળ ઠેલાઈ છે, જે આ કેટેગરી માટે માઠા સમાચાર છે**)

**F-2 B**– "ગ્રીનકાર્ડધારક"નાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો- **01 March-2007** (ગયા મહિનાથી **59 દિવસ આગળ વધી** છે)

**નોંધ-**આ કેટેગરી મુજબ ઈમિગ્રાન્ટ વિઝા લઈને અમેરિકામાં કાયદેસર પ્રવેશ મેળવનાર માબાપ બીજા જ દિવસે "પાસપોર્ટ"માં "વિઝા સ્ટીકર" ના આધારે પોતાનાં **અપરણિત સંતાનની** ફાઈલ મૂકી શકે છે.

**F-3**–"અમેરિકન સીટીઝન"નાં **પરણિત** સંતાનો-**01 October-2003** (આ કેટેગરી આ મહિને **31** દિવસ **આગળ** વધી **છે,** યુએસ સીટીઝન માબાપ માટે શુભ સમાચાર)

**F-4–"US સીટીઝન"નાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**15 December-2001** (ગયા મહિનાથી ફક્ત **12 દિવસ આગળ વધી,** ખરેખર તો **2010ની સાલમાં** જ્યાં પહોંચી હતી, ત્યાંથી **ફક્ત 18 દિવસ હવે આગળ** વધી છે. સળંગ **છેલ્લાં 3 વર્ષ અને 7 મહિના** આ કેટેગરી અટકી હતી-આગળ વધી જ નહોતી)

*uscis.gov* ઉપર મૂકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.

**ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો..**

**F-1** કેટેગરી ખૂલવા માટે **7 વર્ષ** રાહ જોવી પડે.

**F-2 A** માટે તો....**સતત** છેલ્લા **આઠ-8 મહિનાથી** આગળ **વધતી જ નથી,** હવે આ મહિને તો **1 વર્ષ અને 5 મહિના પાછળ ગઈ છે.** જેથી **"ગ્રીનકાર્ડ" ધરાવનાર લગ્ન કરે તો તેમના 'સ્પાઉસ'**-પતિ/પત્ની**ના વિઝા નીકળતાં હવે તો ત્રણ કે તેથી વધુ વર્ષ રાહ જોવાની નોબત આવી** ગણાય, જેમ કે, **જેમણે સપ્ટેમ્બર ૯, ૨૦૧૩ના રોજ** પોતાના પતિ/પત્ની માટે ફાઈલ કરી દીધી છે, તેઓના વિઝા નીકળવામાં દેખીતા **૮-આઠ મહિનાનો વિલંબ તો થઈ જ ગયો હતો, હવે 8 મહિના+ 1 વર્ષ અને 5 મહિના=2 વર્ષ અને 1 મહિનો મોડું થયું જ છે.** "ગ્રીનકાર્ડધારક" લગ્ન કરે તો સાસરી પક્ષને આ ગણતરી કહેવી કે જેથી વિઝાનાં સ્વપનાં સાચાં પડવામાં વિલંબ અંગે ઝગડા ન થાય!

**F-2 B** માટે 7 વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12** વર્ષ**થી વધુ** રાહ જૂઓ અને **F-4** માટે **12-13** વર્ષ રાહ જોવી પડે, ફેમિલી કેટેગરી **F-4** દર મહિને અતિધીમી આગળ વધે છે, પણ તેથી ફાઈલ કરવી નથી તેવું સમજવું નહિ.

'બ્લડ રીલેશન'-લોહીનાં સગાંના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની- **ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે.** કોઈ બંધ થઈ નથી.

**વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો માટે ઓછા દરે ખરીદી શકાય છે;
(1) **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"-$13.00** (શીપિંગ સહિત),
(2) **"યુએ સીટીઝશીપ ગાઈડ"-$10.00,** (શીપિંગ સહિત), **મે મહિનાથી યુએસ સીટીઝનશીપ મેળવવા માટે નવા N-400 ફોર્મની સમજ અને નવા ફોર્મ અંગેના પ્રશ્નોત્તર પૂર્તિ સાથે.**
(3) **"ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ"** *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને **ફોન નંબર** લખીને **કઈ બૂક મંગાવવી છે તે** લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને બૂક ન મળે તો જ ફોન કરશો.
**રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

**From:-AMERICAN CHRISTIAN NEWS**
Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**
**"Gujarati Christian Church"**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

**To,**